હવામાન

| | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૪૦.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૪૩.૦° સે. | ૨૪.૦° સે. |
| વલસાડ | ૩૮.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૩૮.૦° સે. | ૨૭.૦° સે. |
















### નવસારી જિલ્લામાં 40° વચ્ચે લોકશાહીનો જબરદસ્ત ઉત્સવ, ગામડાંએ બાજી મારી

# ગરમી ‘તીવ્ર’, તો મતદાનની ઇચ્છા પણ ‘તીવ્ર’

## ‘તડકામાં તપેલો મત’

**આકરી** ગરમી અને લગ્નસરાની મોસમ હોવા છતાં મતદારોમાં નોંધપાત્ર ઉત્સાહ જોવા મળ્યો

**નવસારી** મનપા, જિ.પં. અને તા.પંની 181 માંથી 57 બેઠક બિનહરીફ થઇ ચૂકી હતી

**નવસારી** મનમાં 59.68, ગણદેવી પાલિકામાં 72.56, જિ.પં.માં 69.60 ટકા મતદાન નોંધાયું

**નવસારી** તા.પં.માં 69.40, જલાલપોર 63.68, ગણદેવી 65.54, ચીખલી 67.44, વાંસદા 72.65 અને ખેરગામમાં 73.41 ટકા નોંધાયું

નવસારી : નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે યોજાયેલી ચૂંટણીમાં આકરી 40 ડિગ્રી ગરમી અને લગ્નસરાની મોસમ હોવા છતાં મતદારોમાં નોંધપાત્ર ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારના 7 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. નવસારી મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને વિવિધ તાલુકા પંચાયતની કુલ 181 બેઠકો માટે મતદાન યોજાયું, જેમાંથી 57 બેઠકો અગાઉથી બિનહરીફ જાહેર થઈ ચૂકી હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 192 મતદાન મથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને 1153 જેટલા પોલિંગ સ્ટાફને તૈનાત રાખવામાં આવ્યા હતા, જેથી સમગ્ર પ્રક્રિયા સુવ્યવસ્થિત રીતે પાર પડી શકે.

ગરમીની તીવ્રતા છતાં મતદારો મતદાન મથકો સુધી પહોંચતા રહ્યા હતા. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ખેરગામ અને વાંસદા જેવા તાલુકાઓમાં લોકો વહેલી સવારથી જ લાઈનમાં ઉભા રહી પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા નજરે પડ્યા હતા, જ્યારે શહેર વિસ્તારોમાં મતદાનનો દર તુલનાત્મક રીતે ઓછો રહ્યો હતો. શહેરી વિસ્તારોમાં મતદાન ઓછું રહેવાનું કારણ તરીકે અનેક પરિબળો સામે આવ્યા છે. હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા શ્રમિકોની ગેરહાજરી, રેલવે ફાટકો જેવી અવરોધક પરિસ્થિતિઓ અને લગ્નસરાની સિઝનને કારણે ઘણા લોકો બહારગામ જતા હોવાને કારણે મતદાન પર અસર પડી હોવાનું માનવામાં આવે છે. ઉપરાંત, કેટલાક વિસ્તારોમાં અવરજવર સંબંધિત મુશ્કેલીઓ પણ નોંધાઈ હતી.

### નવસારી મનપાનું વોર્ડ વાઇઝ મતદાન

| વિગત | ટકાવારી |
|---|---|
| વોર્ડ નં.1 | 68.06% |
| વોર્ડ નં.2 | 65.50% |
| વોર્ડ નં.3 | 61.69% |
| વોર્ડ નં.4 | 74.33% |
| વોર્ડ નં.5 | 65.75% |
| વોર્ડ નં.6 | 68.58% |
| વોર્ડ નં.7 | 63.42% |
| વોર્ડ નં.8 | 58.58% |
| વોર્ડ નં.9 | 59.57% |
| વોર્ડ નં.10 | 64.73% |
| વોર્ડ નં.11 | 66.78% |
| વોર્ડ નં.12 | 63.46% |
| વોર્ડ નં.13 | 67.85% |
| કુલ મતદાન | 65.30% |
| પુરુષ | 67.86 |
| સ્ત્રી | 63.5 |

### સૌથી વધુ મતદાન ખેરગામમાં નોંધાયું

સાંજે પાંચ વાગ્યા સુધીના આંકડા મુજબ નવસારી મહાનગરપાલિકામાં 59.68 ટકા મતદાન નોંધાયું હતું. ગણદેવી નગરપાલિકામાં 72.56 ટકા, જિલ્લા પંચાયતમાં 69.60 ટકા મતદાન નોંધાયું હતું. તાલુકા પંચાયતોમાં પણ સારો પ્રતિસાદ મળ્યો હતો, જેમાં નવસારી તાલુકા પંચાયત 69.40 ટકા, જલાલપોર 63.68 ટકા, ગણદેવી 65.54 ટકા, ચીખલી 67.44 ટકા અને વાંસદા 72.65 ટકા સુધી પહોંચ્યા હતા. સૌથી વધુ મતદાન ખેરગામ તાલુકા પંચાયતમાં 73.41 ટકા નોંધાયું હતું, જે જિલ્લાનો સર્વોચ્ચ આંકડો રહ્યો હતો.

### ‘100ની ઉંમરે પણ મતનો જજ્બો’



નવસારી : તાલુકાના મટવાડ ગામની 100 વર્ષની વાલીબેન ગોપાળભાઈ પટેલે ઉંમરને પડકારતા મતદાન મથક સુધી પહોંચી પોતાનો કિંમતી મત આપ્યો હતો. શતાયુ વયે આપેલો આ મત માત્ર એક મત નથી, પરંતુ સમગ્ર સમાજ માટે સંદેશ છે–કે લોકશાહી જીવંત રાખવા દરેક નાગરિકની ભાગીદારી જરૂરી છે. વાલીબેનની આ પ્રેરણાદાયક ઘટના સમગ્ર વિસ્તારમાં વખાણાઈ રહી છે.

## વોર્ડ-13માં મતદાન દરમ્યાન અથડામણ, ‘લાફા કાંડ’થી તણાવ

નવસારી: મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન શહેરના વોર્ડ નંબર 13માં મતદાન પ્રક્રિયા વચ્ચે થયેલી અથડામણથી તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ છે. ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે શરૂ થયેલો વિવાદ થોડી જ વારમાં ઉગ્ર બની ‘લાફા કાંડ’માં ફેરવાયો હોવાનું સામે આવ્યું છે. માહિતી મુજબ, ભાજપના એક બુથ એજન્ટ દ્વારા કોંગ્રેસના ઉમેદવારની પુત્રી અંગે કરાયેલી ટિપ્પણી બાદ વિવાદની શરૂઆત થઈ હતી. આ બાબતે જાણ થતાં કોંગ્રેસના ઉમેદવાર સ્થળ પર પહોંચ્યા અને ઉશ્કેરાટમાં આવી એજન્ટને થપ્પડ મારી હોવાનું કહેવાય છે. આ ઘટનાએ મામલો વધુ ભડકાવ્યો અને બંને પક્ષોના કાર્યકરો વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન ભાજપના મહિલા ઉમેદવારના પરિવારજનો પણ ઘટનાસ્થળે પહોંચતા પરિસ્થિતિ વધુ તંગ બની હતી. બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ હાથાપાઈ સર્જાઈ હોવાની માહિતી મળી છે. મતદાન મથક બહાર બંને પક્ષોના ટેકેદારો મોટી સંખ્યામાં ભેગા થતા વાતાવરણ વધુ બિચક્યું હતું. પરિસ્થિતિ બેકાબૂ બને તે પહેલાં પોલીસ તંત્ર તાત્કાલિક સક્રિય બન્યું હતું. ડીવાયએસપી સંજય રાય પોતાની ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે બંને પક્ષોને સમજાવી શાંતિ જાળવવા સૂચના આપી હતી. હાલ બંને પક્ષો દ્વારા સામસામે પોલીસ ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.



### 100 વર્ષીય વડીલે મતદાન કરી પ્રેરણાદાયક સંદેશ આપ્યો

નવસારી : તાલુકાના સીમલક ગામના 100 વર્ષીય વડીલ બાબરભાઈ પરસોત્તમભાઈ તળાવિયાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને નાગરિક ફરજનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે. શારીરિક અસમર્થતા હોવા છતાં તેઓએ હિંમત ગુમાવી નહીં. પગે ચાલી શકતા ન હોવા છતાં ધીમે ધીમે આગળ વધતા અને વચ્ચે આરામ લેતા તેઓ મતદાન મથક સુધી પહોંચ્યા હતા. બાબરભાઈએ શતાયુ વયે મતદાન કરીને એક મહત્વનો સંદેશ આપ્યો કે લોકશાહીમાં દરેક મત અમૂલ્ય છે અને મતદાન કરવું દરેક નાગરિકની ફરજ છે. તેમની આ પ્રેરણાત્મક ઘટના સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે.

### નવસારી વોર્ડ-13માં સ્લીપ ગોટાળાથી ઉઠ્યો વિવાદ

નવસારી: નવસારીના વોર્ડ નંબર 13માં મતદારોને વહેંચાયેલી સ્લીપમાં ઉમેદવારના નામ સાથે ખોટો ફોટો છપાતા ગેરસમજ ફેલાઈ અને મતદાન બાદ અસંતોષનો માહોલ સર્જાયો છે. આ વોર્ડમાં ઉમેદવાર તરીકે માધવી શેઠ મેદાનમાં છે, પરંતુ પ્રચાર સ્લીપમાં તેમના નામની સામે મીનલ ભરવાડનો ફોટો છપાઈ ગયો હતો. આ ગડબડના કારણે કેટલાક મતદારો ફોટા આધારે મતદાન કર્યું હોવાનું કહી રહ્યા છે. મતદાન પછી પરિસ્થિતિ વધુ તંગ બની, જ્યારે કેટલાક સ્થાનિકોએ મીનલબેનને ઘેરીને “અમે તમારો ફોટો જોઈને મત આપ્યો છે, હવે અમારી સમસ્યાઓનો ઉકેલ પણ તમારે જ લાવવો પડશે” એવી માંગણી કરી હતી.

### ખેરગામમાં ઉમેદવારે મતદાન અને દીકરી વિદાયના બંને કર્તવ્ય નિભાવ્યા

ખેરગામ : ખેરગામ તાલુકાની નવસારી જિલ્લા પંચાયતની બે બેઠકો તેમજ ખેરગામ તાલુકા પંચાયતની સોળ બેઠકો માટે ૬૪ બૂથો ઉપર મતદાન યોજાયું હતું. મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તાલુકા પંચાયતની ખેરગામ-૧ બેઠક પરથી ભાજપના ઉમેદવાર જિગ્ના પટેલે તેમની દીકરીના લગ્નનો પ્રસંગ હોવા છતાં એક બાજુ મતદાન અને બીજી બાજુ દીકરીની કન્યાવિદાય બંને મહત્વના પ્રસંગોને તેમણે સમાન પ્રાથમિકતા આપી હતી. જિગ્નાબેન પટેલે પરિવાર સાથે મતદાન કરીને લોકશાહી પ્રત્યેની જવાબદારી નિભાવી હતી તેમજ દીકરીને વિદાય આપવાનો પરિવારિક કર્તવ્ય પૂર્ણ કર્યુ હતુ.

### ‘જાનથી પહેલાં મત !’ નવસારીના વરરાજાની લોકશાહીને પ્રાથમિકતા

**નવસારીઃ દસેરા ટેકરી વિસ્તારમાં રહેતા યુવાન હિરેન પટેલે પોતાના લગ્નના દિવસે પણ મતદાનને સર્વોપરી માન આપીને અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાફા અને પરંપરાગત લગ્ન વેશમાં સજ્જ વરરાજા સીધા મતદાન મથક પર પહોંચ્યા અને “પહેલા મતદાન”નો સંકલ્પ પૂર્ણ કર્યો. પોતાના કિંમતી મતનો ઉપયોગ કર્યા બાદ જ તેઓ જાનમાં જોડાયા હતા. હિરેન પટેલના આ પગલાએ સાબિત કર્યું કે લોકશાહી પ્રત્યેની જવાબદારી કોઈપણ વ્યક્તિગત પ્રસંગ કરતાં મોટી છે. તેમનો આ સંદેશ–“જાન રાહ જોઈ શકે, પરંતુ મતદાન નહીં”–આજના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યે છે.**



## ચીખલી તા.પં. માટે ૫૩ જિ.પં. માટે ૧૨ ઉમેદવારના ભાવિ સીલ

**સાંજે** પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૬૭.૪૪ ટકા જેટલું મતદાન થયું

**સૌથી** વધુ ચાસા બેઠક પર ૭૫.૧૯ ટકા, સૌથી ઓછું ખૂંધ બેઠક પર ૬૧.૩૩ ટકા મતદાન



ઘેજ : ચીખલી તાલુકામાં તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૬૭.૪૪ ટકા જેટલું મતદાન થયું હતું. અને ૬૫ ઉમેદવારોના ભાવિ ઇવીએમમાં સીલ થયા હતા. સૌથી વધુ ચાસા બેઠક પર ૭૫.૧૯ ટકા, જ્યારે સૌથી ઓછું ખૂંધ બેઠક પર ૬૧.૩૩ ટકા મતદાન થયું હતું.

ચીખલી તાલુકાની ૨૮ પૈકી ચીખલી, સમરોલી, તેજલાવ, પીપલગભણ અને તલાવચોરા બિનહરીફ તેમજ જિલ્લા પંચાયતની આઠ બેઠક પૈકી ત્રણ ઘેજ, વંકાલ અને રૂમલા બિનહરીફ થતા તા.પં. ચાયતની ૨૩ અને જિલ્લા પંચાયતની પાંચ બેઠક ઉપર ચૂંટણી યોજાતા સરેરાશ ૬૭.૪૪ ટકા મતદાન નોંધાયું હતું. તાલુકા અને જિલ્લા પંચાયત બેઠકમાં આલીપોર ૬૪.૬૨, આમધરા ૭૧.૨૫, બામણવેલ ૬૮.૮૬, ચાસા ૭૫.૧૯, દેગામ ૭૧.૩૮, ઢોલુમ્બર ૭૧.03, ફડવેલ ૬૪.૦૪, ઘેજ ૬૪.03, ગોડથલ ૬૬.૭૫, કાંગવઇ ૭૦.૩૬, ખૂંધ ૬૧.૩૩, કુકેરી ૬૧.૬૧, માંડવખડક ૬૭.૦૮, નોગામાં ૭૧.૬૮, રાનકુવા ૭૨.૪૮, રાનવેરી કલ્લા ૬૩.૬૮, રૂમલા ૬૯.૮૩, સાદડવેલ ૬૫.૧૭, સાદકપોર ૬૭.૦૨, સારવણી ૬૪.૮૨, સિયાદા ૬૭.૧૨, વંકાલ ૬૧.૫૩, વાંઝણા ૭૩.૫૩ જેટલું મતદાન થયું હતું. તાલુકા પંચાયતની ચૂંટણીમાં તાલુકાના કુલ મતદારો ૧,૬૧,૧૨૭ પૈકી ૧,૦૮,૬૬૧ મતદારો મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ખૂંધમાં મતદારોએ નિરાસતા દાખવતા સૌથી ઓછું ૬૧.૩૩ ટકા મતદાન થયું હતું.

### સારવણીમાં ઇવીએમ મશીન બદલવું પડ્યું

તાલુકા પંચાયતની સારવણી બેઠક આવેલા બુથ નંબર-૨ અને ૩ ઉપર સવારે ૯:૩૦ વાગ્યાના અરસામાં ચાલુ મતદાન દરમિયાન મતદાન કર્યા બાદ બીપ સાઉન્ડ ન આવતા રાજકીય પાર્ટીના એજન્ટો દ્વારા આ અંગે ફરિયાદ કરવામાં આવતા ઝોનલ ઓફિસરે દ્વારા તાત્કાલિક ઇવીએમ મશીન બદલાવીને ફરીથી મતદાન શરૂ કરાવ્યું હતું.

### વરરાજાએ પરિવાર સાથે મતદાન કર્યું

ચીખલી તાલુકાના સૂંઠવાડ ગામના અક્ષયભાઈ રાકેશભાઈ પટેલના આજરોજ લગ્ન પ્રસંગ હોય અને ખૂડવેલ ગામે જાન લઈ જનાર હોય તે પહેલા તેમણે અને તેના સમગ્ર પરિવાર દ્વારા અને દેગામ ગામે સાંજના સમયે લગ્ન કરનાર વરરાજાએ પરિવારના ૧૫-સભ્યો સાથે મતદાન કરીને લોકશાહીના પર્વની સાચી ઉજવણી કરી હતી.

## વાંસદામાં બે વરરાજાએ લગ્નના ફેરા પહેલા મતદાન કર્યું



વાંસદા : વાંસદા તાલુકામાં વહેલી સવારથી જ મતદાન મથકો ઉપર મતદારોની લાઇન જોવા મળી હતી. જેમાં બુનિયાદી કુમાર શાળા ખાતે વાંસદાના રાજવી પરિવારે સૌપ્રથમ મતદાન મથકે પહોંચી મતદાન કર્યું હતું. રાણીફળીયા ગામે બે વરરાજાઓએ લગ્નના ફેરા પહેલા બુથ મથકે પહોંચી મતદાન કર્યું. તેમજ વાંસદા નગરના તળાવ ફળિયામાં વડલી પ્રાથમિક શાળામાં અને પ્રતાપનગર ખાતે મતદાન કરવા આવેલ વૃધ્ધ મહિલાઓ કે જેઓ સરખી રીતે ચાલી કે ઊભા પણ નહીં રહી શકતા હોય તેમને ફરજ પર હાજર પોલીસ કર્મીએ હાથ પકડી લઈ જઈ સુરક્ષિત રીતે મતદાન કરાવ્યું હતું. વાંસદા તાલુકા પંચાયતની 28 બેઠક પર સાંજે પાંચ વાગ્યા સુધીમાં કુલ 72.65 % મતદાન થયું હતું. જ્યારે વાંસદા જિલ્લા પંચાયતની 7 બેઠક પર 69.56 % મતદાન થયું હતું.

## અધિકારીઓ બેસી રહ્યા પણ મતદારો પહોંચ્યા નહીં



■ સાપુતારા : સુબીર તાલુકાના નિશાણા જિલ્લા પંચાયત બેઠક હેઠળ આવતા નિશાણા ગામ-2 નાં ધામાલા ફળીયાના સ્થાનિકોએ ચૂંટણી બહિષ્કારનું શસ્ત્ર ઉગામ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તેમના વિસ્તારમાં માત્ર 900 મીટરનો આંતરિક રસ્તો પાકો બનાવવાની માંગણી વર્ષોથી અધ્ધરતાલ છે. રસ્તાના અભાવે ચોમાસામાં અને ઇમરજન્સીના સમયે ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવી પડે છે. રસ્તાની સાથે સાથે પીવાના પાણીની વિકટ સમસ્યા પણ આ બહિષ્કારનું મુખ્ય કારણ બની છે. વારંવાર રજૂઆતો કરવા છતા તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા ન લેવાતા આખરે સ્થાનિકોએ એકસૂરે મતદાન ન કરવાનો નિર્ણય લીધો હતો. આ ફળીયામાં કુલ 146 જેટલા નોંધાયેલા મતદારો છે. મતદાનના દિવસે પોલિંગ સ્ટેશન પર અધિકારીઓ હાજર હતા, પરંતુ સાંજ સુધી આ ફળીયામાંથી કોઈ પણ મતદાર પોતાનો મત આપવા મતદાન મથક સુધી પહોંચ્યુ ન હતુ.

## ગણદેવી પાલિકાનું સરેરાશ ૭૬.૮૭ ટકા મતદાન

**પાલિકાની** બે વોર્ડની બે બેઠકની ચૂંટણી યોજાઇ, ૨૨ બિનહરીફ થઇ હતી

બીલીમોરા : ગણદેવી નગરપાલિકા સામાન્ય ચૂંટણી માટે રવિવારે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. જેમાં સવારે ૭ થી ૯ માં ૧૦.૧૯ ટકા, સવારે ૯ થી ૧૧ માં ૩૦.૧૯ ટકા, સવારે ૧૧ થી બપોરે ૧ સુધીમાં ૫૦.૭૮ ટકા, બપોરે ૧ થી ૩ દરમ્યાન ૬૫.૪૭ ટકા અને સાંજે ૩ થી ૫ કલાક સુધીમાં ૭૨.૫૬ ટકા મતદાન સાથે કુલ સરેરાશ 76.87 ટકા મતદાન નોંધાતા પરીણામ અત્યંત રસાકસી પૂર્ણ હોવાનું રાજકીય લોકો માની રહ્યા છે. ગણદેવી નગરપાલિકા બે વોર્ડની બે બેઠકોની ચૂંટણીમાં સાંજે પાંચ કલાક સુધીમાં ૭૨.૫૬ ટકા સરેરાશ મતદાન નોંધાયું હતું. જેમાં કુલ ૩૮૫૬ મતદારો પૈકી ૨૭૯૮ એટલે કે (૭૨.૫૬ ટકા) મતદારોએ મતદાનની ફરજ નિભાવી હતી. તલોધ ગામે વરરાજા સ્મિત પટેલ મતદાનના દિવસે જાન સાથે મતદાન કરવા પહોંચ્યા હતા.

### ગણદેવીમાં તા.પં.ની ૧૨ બેઠક ઉપર ૬૫.૪૪, જિ.પં.ની 3 બેઠક ઉપર ૬૪.૬૬ ટકા મતદાન

બીલીમોરા : ગણદેવીમાં સમાવિષ્ટ ૨૪ તાલુકા પંચાયત, ૬ જિલ્લા પંચાયત બેઠકો પૈકી ૫૦ ટકા બેઠકો ભાજપે બિનહરીફ જીતી લીધી હતી. જે બાદ રવિવારે ચૂંટણીના દિવસે પાંચ કલાક સુધીમાં ૧૨ તા.પંચાયત બેઠક ઉપર ૬૫.૪૪ ટકા અને 03 જિલ્લા પંચાયત ઉપર ૬૪.૬૬ ટકા મતદાન નોંધાયું હતું. જેમાં સૌથી વધુ તાલુકા પંચાયતની વેગામ બેઠક ઉપર ૭૪.૯૮ અને ઓછું ધમડાછા ઉપર ૫૭.૧૭ ટકા મતદાન નોંધાયું હતું. યુવાનોમાં પ્રથમ વેળા મતદાનનો ઉત્સાહ જોવાયો હતો.

### અમલસાડના ૧૦૧ વર્ષના શાન્તાબેનનું મતદાન

ગણદેવી તા.પંચાયતની બેઠકો ઉપર સાંજ સુધીમાં ૪૩૫૨૧ મતદારોએ મતદાન કરતા ૬૫.૪૪ ટકા મતદાન થયું હતું. અમલસાડના હનુમાન ફળીયામાં રહેતા શાન્તાબેન નાયક (૧૦૧ વર્ષ) એ પણ મતદાનની ફરજ નિભાવી હતી. તાલુકા પંચાયતની ૧૨ બેઠકોમાં અમલસાડ ૫૨.૭૨, અંભેટા ૬૩.૫૬, ધમડાછા ૫૭.૧૭, ધનોરી ૬૮.૨૯, એંધલ ૬૪.૮૨, ગણદેવા ૬૯.૫૫, કછોલી ૬૭.૩૯, મટવાડ ૬૮.૧૨, સાલેજ ૭૦.૭૨, તલોધ ૫૫.૨૭, ઉંડાચ વા.ફ. ૭૦.૪૩, વેગામ-૭૪.૯૮ જ્યારે જિ.પં.ની ગણદેવા ૬૬.૭૬, કછોલી ૭૦.૦૪, સરીબુજરંગ ૫૫.૪૫ ટકા મતદાન નોંધાયું હતું.

### સરેરાશ ૭૨.૫૬ ટકા મતદાન

વોર્ડ નં.૧ માં ૧૮૬૩ પૈકી ૧૪૨૨ (૭૬.૩૩ ટકા), જેમાં ૯૦૧ પુરુષ પૈકી ૬૮૮ (૭૬.૩૬ ટકા) અને ૯૬૨ મહિલા મતદાર પૈકી ૭૩૪ મહિલાઓ (૭૬.૩૦) જ્યારે વોર્ડ નં.૪ માં ૧૯૯૩ મતદારો પૈકી ૧૩૭૬ (૬૯.૦૪ ટકા), જેમાં ૯૯૬ પુરુષ પૈકી ૭૦૫ (૭૦.૭૮ ટકા) અને ૯૯૭ મહિલાઓ પૈકી ૬૭૧ મહિલાઓએ (૬૭.૩૦ ટકા) મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આમ વોર્ડ નં.૧ માં ૭૬.૩૩ ટકા અને વોર્ડ નં.૪ માં ૬૯.૦૪ ટકા મળી સરેરાશ કુલ ૭૨.૫૬ ટકા મતદાન સાંજે પાચ વાગ્યાં સુધી નોંધાયું હતું.